BRAMPTON Service and Information Update

# કમ્યુનિટી સેફ્ટી એક્શન પ્લાન પર સીટી પ્રતિભાવ માંગી રહ્યું છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જુલાઈ 11, 2022) – સીટી ઑફ બ્રેમ્પટન પોતાના ડ્રાફ્ટ કમ્યુનિટી સેફ્ટી એક્શન પ્લાન (સામુદાયિક સુરક્ષા કાર્યવાહી યોજના) પર પ્રતિભાવ માંગી રહ્યું છે.

ડ્રાફ્ટ એક્શન પ્લાન, કમ્યુનિટી સેફ્ટી અને વેલ-બીઈંગ ઓફિસની આગેવાનીમાં, નીચલા સ્તરે મ્યુનિસિપલ સ્તરે સામુદાયિક સુરક્ષા અને સુખાકારીના અમલીકરણ માટે નવા ઉકેલો આપવાની તૈયારી બતાવે છે.

ડ્રાફ્ટ એક્શન પ્લાન સુરક્ષાને લગતી ચિંતાઓ સંબોધવા, જરૂરિયાત ધરાવનારને સંસાધનો સાથે જોડવા અને સમુદાયમાં સૌ માટે સંબંધની સમજ વધારવા મુખ્યત્વે પડોશ સ્તરે ધ્યાન આપે છે. પ્લાન ઓળખે છે ધ્યાન આપવાના ત્રણ ક્ષેત્રોને – સુરક્ષા, જાગરૂકતા, અને સશક્તિકરણ – દરેક સાથે સંખ્યાબંધ દાવપેચો જે 2022 થી 2025 સુધી અમલમાં મૂકવામાં આવશે.

એક્શન પ્લાન ઘણાં વર્ષોથી વિવિધ હિતધારકો સાથે સલાહ-મસલત કરીને તેઓના પ્રતિભાવ વડે વિકસાવવામાં આવ્યો હતો. કમ્યુનિટી સેફ્ટી એન્ડ વેલ-બીઈંગ ઓફિસને ઈમેઈલથી cswo@brampton.ca પર સંપર્ક કરીને અથવા સીટી કર્મચારીઓ સાથે બેઠક બૂક કરાવીને ડ્રાફ્ટ એક્શન પ્લાન પર પ્રતિભાવ પૂરો પાડવા સીટી રહેવાસીઓને પુનઃ જોડી રહ્યું છે.
વેબસાઈટ Brampton.ca જોઈને પ્લાન અને પ્રતિભાવ વિકલ્પો પર વધુ માહિતી મેળવો.

-30-

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
સીટી ઑફ બ્રેમ્પટન મલ્ટીકલ્ચરલ મીડિયા
multiculturalmedia@brampton.ca